નવી સેવા વર્ષ ૨૦૧૮-૧૯

કાયદા અધિકારીની ૧૧ માસના કરાર આધારીત નવી જગ્યા માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૧૬/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧-૦૫-૨૦૧૮

સંદર્ભ:-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૬/૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક:મસ્કમ-૧/ આઇસીડીએસ/જગ્યા ભરવા/કાયદા અધિકારી/૮૩૬/૨૦૧૮

ઠરાવ:-

સંદર્ભ (૧) અન્વયે વર્ષ ૨૦૧૮-૧૯ માટે કાયદા અધિકારીની કરાર આધારીત નવી જગ્યા માટે રૂ. ૪,૪૦,૦૦૦/- ની બજેટ જોગવાઇ માટે વર્ષ ૨૦૧૮-૧૯ નવી બાબત તરીકે દરખાસ્ત રજુ કરેલ હતી.

વર્ષ ૨૦૧૮-૧૯ માટે કાયદા અધિકારીની ૧૧ માસના કરાર આધારીત ૧ નવી જગ્યા માટે માસિક રૂ.૪૦,૦૦૦/- મુજબ વર્ષિક રૂ. ૪,૪૦,૦૦૦/- ની બજેટ જોગવાઈમાંથી નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો - વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇઓ મુજબ જો બઢતીના ફાળે આવતી હોઇ તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોઇ તો નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમા વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે કરવાની રહેશે.

(૮) કચેરીએ ડ્રાઇવર અને વર્ગ-૪ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઇઓ મુજબ મંજુર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

(૯) જે-તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.૨૦૦૯/૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી કચેરીની રહેશે.

(૧૦) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના ત.૧૮/૩/૨૦૦૫ના ઠરાવા ક્રમાંક : નપના/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફ) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૧) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાઇ તે કચેરીએ જોવાનુ રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોઇ તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૨) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્ગમાન ભરતી નિયમો/નીતીનિયમોની જોગવાઇ અને નિયત પધ્ધતિને અનુસરીની કરવાની રહેશે.

(૧૩) કોમ્પુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૪) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) આ નવી મંજુર કરેલી જગ્યાઓ જે-તે નાણાંકીય વર્ષનાં અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો કચેરીએ જગ્યાઓ લંબાવવા ની દરખાસ્ત મુદત પુરી થતા પહેલાના એક માસ અગાઉ વિભાગને રજુ કરી મંજુરી મેળવી રહેશે.

(૧૬) આ નવી સેવાનો અમલ તા,૧/૪/૨૦૧૮ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં. :- ૧૦૬

મુખ્ય સદર :- ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર :- ૦૨ પોષણ ખાદ્ય અને પીણાંની વહેંચણી

ગૌણ સદર :- ૮૦૦ અન્ય ખર્ચ.

પેટા સદર:- ૧૯ મિશન બલમ સુખમ

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૫/૫/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
2. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
3. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

4. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
6. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
7. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
8. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
9. વિભાગના સર્વે શાખાઓ
10. સિલેક્ટ ફાઇલ